INTERNATIONAL JOURNAL OF NOVEL RESEARCH AND DEVELOPMENT (IJNRD)
© 2026 IJNRD | Volume 11, Issue 7, July 2026 | ISSN: 2456-4184 | IJNRD.ORG

# કલાસરૂમ ટીચિંગ સંશોધન
# ભાગીદારીથી સત્તા સુધી: આર્થિક સંસ્થાકીય વિકાસમાં મહિલાઓની ભૂમિકા

પ્રસ્તુતકર્તા
**અનિતાબેન વિજયભાઈ સોલંકી**
વ્યાપાર કાયદો
એલ.એલ.એમ. સેમેસ્ટર – 4

માર્ગદર્શકનું નામ
**ડૉ. રેખા કુમારી આર સિંઘ**
સહયોગી પ્રોફેસર, આણંદ લો કોલેજ
આણંદ લો કોલેજ સરદાર પટેલ યુનિવર્સિટી

**સારાંશ**
"ભાગીદારીથી સત્તા સુધી: આર્થિક સંસ્થાકીય વિકાસમાં મહિલાઓની ભૂમિકા" શીર્ષક હેઠળનું આ સંશોધન મહિલા સશક્તિકરણ અને આર્થિક સંસ્થાકીય વિકાસ વચ્ચેના ઘનિષ્ઠ અને પરસ્પર નિર્ભર સંબંધનું વિશ્લેષણ કરે છે. સંશોધનનો મુખ્ય હેતુ મહિલાઓની પરંપરાગત સહભાગી સ્થિતિમાંથી નિર્ણયપ્રક્રિયા અને નેતૃત્વ સુધીની યાત્રાને સમજવો અને તે આર્થિક વિકાસને કેવી રીતે વધુ સમાવેશી, સમાન અને સ્થાયી બનાવે છે તે દર્શાવવાનો છે.
અધ્યયનમાં મહિલાઓની આર્થિક, નાણાકીય, સંસ્થાકીય, સામાજિક, રાજકીય અને ડિજિટલ ભાગીદારીના વિવિધ સ્વરૂપોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. શિક્ષણ, કૌશલ્ય વિકાસ, નાણાકીય પહોંચ, સરકારી નીતિઓ અને ટેક્નોલોજીકલ સક્ષમતા જેવા પ્રોત્સાહક ઘટકોની ચર્ચા કરવામાં આવી છે. સાથે સાથે, ભારતના બંધારણીય પ્રાવધાનો જેમ કે Constitution of Indiaની કલમ 14, 15, 16 અને 39, તેમજ Maternity Benefit Act, Sexual Harassment of Women at Workplace Act, Equal Remuneration Act, Code on Social Security અને Occupational Safety Health and Working Conditions Code જેવા કાનૂની માળખાંનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
અધ્યયન દર્શાવે છે કે મહિલા સશક્તિકરણ માત્ર વ્યક્તિગત વિકાસ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે રાષ્ટ્રીય ઉત્પાદનક્ષમતા, ગરીબી ઘટાડો, સંસ્થાકીય પારદર્શિતા અને સામાજિક ન્યાય માટે મહત્વપૂર્ણ સાધન છે. સરકારી પહેલો જેમ કે Beti Bachao Beti Padhao, Mission Shakti અને Pradhan Mantri Matru Vandana Yojana મહિલાઓને આર્થિક અને સામાજિક સશક્તિકરણ તરફ દોરી જાય છે.

## <u>ભાગીદારીથી સત્તા સુધી: આર્થિક સંસ્થાકીય વિકાસમાં મહિલાઓની ભૂમિકા</u>

### પરિચય

ભાગીદારીથી સત્તા સુધી: આર્થિક સંસ્થાકીય વિકાસમાં મહિલાઓની ભૂમિકા પરિચય માનવ સમાજના વિકાસમાં મહિલાઓનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે. પ્રાચીન સમયથી લઈને આધુનિક યુગ સુધી મહિલાઓએ માત્ર પરિવાર અને સમાજની રચનામાં જ નહીં, પરંતુ આર્થિક ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. એક સમય એવો હતો જ્યારે મહિલાઓને માત્ર ઘરગથ્થુ કામ સુધી મર્યાદિત રાખવામાં આવતી હતી, પરંતુ સમયના ફેરફાર સાથે તેમની ભાગીદારી વધતી ગઈ અને આજે તેઓ સંસ્થાઓના નેતૃત્વ અને સત્તાના સ્તર સુધી પહોંચેલી છે. માનવ સમાજના વિકાસના ઇતિહાસમાં મહિલાઓની ભૂમિકા અતિ મહત્વપૂર્ણ રહી છે.
સમાજ, સંસ્કૃતિ અને અર્થતંત્ર – ત્રણેય ક્ષેત્રોમાં મહિલાઓએ પોતાનું યોગદાન આપ્યું છે. પરંતુ લાંબા સમય સુધી તેમના યોગદાનને સત્તાવાર સ્વીકાર મળ્યો નહોતો. આર્થિક સંસ્થાકીય વિકાસનો અર્થ છે – એવી વ્યવસ્થાઓ અને માળખાંનો વિકાસ, જે ઉત્પાદન, વેપાર, નાણાકીય વ્યવહાર અને સંસાધન વ્યવસ્થાપનને સુવ્યવસ્થિત કરે. આ પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી સમાજને સમાનતા, ન્યાય અને સ્થિરતા તરફ દોરી જાય છે.

એક સમય હતો જ્યારે મહિલાઓને માત્ર ઘરેલુ કામકાજ સુધી મર્યાદિત રાખવામાં આવતી હતી અને આર્થિક પ્રવૃત્તિઓમાં તેમની હાજરીને મહત્વ આપવામાં આવતું નહોતું. પરંતુ શિક્ષણ, કાનૂની સુધારણા, સામાજિક જાગૃતિ અને વૈશ્વિકીકરણના કારણે મહિલાઓ ધીમે ધીમે આર્થિક ક્ષેત્રમાં આગળ વધવા લાગી. આજે મહિલાઓ કર્મચારી, ઉદ્યોગસાહસિક, સંચાલક, રોકાણકાર અને નીતિનિર્માતા તરીકે કાર્યરત છે. તેમની ભાગીદારી હવે માત્ર સહભાગી તરીકે નહીં પરંતુ સત્તાના કેન્દ્ર સુધી પહોંચી છે. સશક્તિરણ એટલે કે Empowerment. આ શબ્દનો ઉદ્ભવ 1970ના દાયકામાં લેટિન અમેરિકામાં શિક્ષણ અંગેની ચર્ચામાં થયો હોવાનું ઈવલિન હસ્ટ નોંધે છે. નારીવાદી વિચારકો અને કર્મશીલોએ એ ખ્યાલને આગળ વધાર્યો. 1980 પછી આ ખ્યાલનો વધુ ને વધુ ઉપયોગ થવા લાગ્યો. ભારતના સમાજશાસ્ત્રી યોગેન્દ્ર સિંઘ નોંધે છે
તેમ, સશક્તિકરણની વિભાવના વિશાળ સૂચિતાર્થો ધરાવે છે.સશક્તિકરણનો ખ્યાલ કાળા અને સીમાંત સમૂહોની સામાજિક ચળવળની વિચારસરણીમાંથી ઉદ્ભવ્યો.તેમાં સંસાધનોની ઉપલબ્ધિ, વ્યવસાય, શિક્ષણ, આરોગ્ય પર ભાર મૂડવામાં આવ્યો.ભારતના સંદર્ભમાં સ્ત્રીઓના સશક્તિકરણ માટેની ચળવળ અને વિચારસરણી, સ્વાતંત્ર્ય ચળવળ અને સ્ત્રી-મુક્તિના સંદર્ભમાં જોવા મળે છે.સશક્તિકરણ એટલે કે Empowerment માં power એટલે સત્તા-નિર્ણય લેવાની પ્રક્રિયા અંગે ઉદાર વિચાર સાથેનો ગાઢ સંબંધ. સ્ત્રી-સશક્તિકરણમાં શક્તિ (power) મહત્ત્વની છે.
જેમાં બળ અને પ્રભાવ સમાવિષ્ટ છે.સરળ શબ્દોમાં જોઈએ તો, મહિલા સશક્તિકરણનો અર્થ મહિલાઓમાં એવા પ્રકારની શક્તિ હોવી જેમાં પોતાના જીવનનિર્વાહ માટે પોતાની ઈચ્છા અનુસાર કરવા માટે સક્ષમ તથા સ્વતંત્ર હોય. રેણુકા પામેચા – "મહિલા સશક્તિકરણ એટલે સામાજિક ન્યાય અને સમતા અથવા મહિલાની સ્વતંત્ર ઓળખ અથવા તેનો મનુષ્યના રૂપમાં સ્વીકાર થવો."સુશીલા પારીક – "મહિલા સશક્તિકરણ એટલે મહિલાઓનું શક્તિ સંપન્ન થવું. શક્તિ અને સાધન બંને જીવનની ગુણવત્તા સાથે જોડાયેલી અવધારણાઓ છે." આમ, સ્ત્રી-સશક્તિકરણ પરિવર્તનશીલ અને બહુઆયામી અવધારણા છે.જેમાં સ્ત્રીઓની આત્મછબી અને સામાજિક છબીમાં પરિવર્તન આવે છે.મહિલાઓને એક વ્યક્તિ ગણી તેને સશક્ત બનાવી, નિર્ણયમાં સામેલ કરવી, સત્તા અને પદ આપવાં અને તેની શક્તિઓનો સ્વતંત્ર રીતે વિકાસ કરવો તે તેના મૂળભૂત પાયામાં છે.

## સંકલ્પના

"ભાગીદારીથી સત્તા સુધી" નો અર્થ એ છે કે મહિલાઓ માત્ર આર્થિક પ્રવૃત્તિઓમાં સહભાગી તરીકે જ નહીં રહે, પરંતુ ધીમે ધીમે નિર્ણય લેવાથી લઈને નેતૃત્વ અને સત્તાના કેન્દ્ર સુધી પહોંચે. આ સંકલ્પના મહિલાઓના સશક્તિકરણ અને સંસ્થાકીય વિકાસ વચ્ચેના ઘનિષ્ઠ સંબંધને દર્શાવે છે. આર્થિક સંસ્થાકીય વિકાસમાં મહિલાઓની ભૂમિકાની સંકલ્પના ત્રણ મુખ્ય સ્તરોમાં સમજાવી શકાય છે:

**1. આર્થિક ભાગીદારી**

મહિલાઓ રોજગાર, સ્વરોજગાર, ઉદ્યોગ, બચત અને રોકાણમાં જોડાઈને ઉત્પાદનક્ષમતા અને આવક વધારવામાં યોગદાન આપે છે. તેઓ સહકારી સંસ્થાઓ, સ્વ-સહાય જૂથો અને નાણાકીય વ્યવસ્થાઓમાં જોડાઈને સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવે છે. આ તબક્કો ભાગીદારીનો પ્રારંભિક આધાર છે.

**2.સંસ્થાકીય સંકળાવ**

આગળ વધીને મહિલાઓ સંસ્થાઓના આયોજન, વ્યવસ્થાપન અને અમલીકરણમાં ભાગ લે છે. તેઓ નીતિ અમલ, સંસાધન સંચાલન અને સંસ્થાની કામગીરીમાં જવાબદારી વહન કરે છે. આ તબક્કે તેઓ માત્ર કાર્યકર્તા નહીં પરંતુ સંસ્થાકીય માળખાનો મહત્વપૂર્ણ ભાગ બની જાય છે.

**3.સત્તા અને નેતૃત્વ**

સંકલ્પનાનો ઉચ્ચતમ તબક્કો એ છે જ્યાં મહિલાઓ નિર્ણય પ્રક્રિયા, નેતૃત્વ અને નીતિનિર્માણમાં સક્રિય બને છે. આ તબક્કે તેઓ આર્થિક સંસ્થાઓને દિશા આપે છે, ન્યાયસંગત નીતિઓ બનાવે છે અને સમાવેશી વિકાસને પ્રોત્સાહન આપે છે.

**4 સંકલ્પનાનો મૂળ ભાવ**

આ સંકલ્પનાનો મૂળ ભાવ એ છે કે મહિલાઓની ભાગીદારી માત્ર સંખ્યાત્મક હાજરી સુધી મર્યાદિત ન રહે, પરંતુ તેમને સંસ્થાકીય સત્તા, સ્વાયત્તતા અને નિર્ણયક્ષમતામાં સમાન સ્થાન મળે. આ પ્રક્રિયા આર્થિક વિકાસને વધુ સમાન, સ્થાયી અને વ્યાપક બનાવે છે.

**ભાગીદારીના સ્વરૂપો**

**આર્થિક ભાગીદારી**

મહિલાઓ રોજગાર, ઉદ્યોગ, કૃષિ, હસ્તકલા અને સેવાક્ષેત્રમાં જોડાઇ આવક ઉત્પન્ન કરે છે
પરિવારની આર્થિક સ્થિરતા અને રાષ્ટ્રીય ઉત્પાદનક્ષમતામાં વધારો કરે છે
સ્વરોજગાર અને સ્ટાર્ટઅપ દ્વારા નવા રોજગાર સર્જે છે

**નાણાકીય ભાગીદારી**

બચત, રોકાણ અને બેંકિંગ સેવાઓનો ઉપયોગ
સ્વ-સહાય જૂથો (SHGs) અને માઇક્રોફાઇનાન્સમાં સક્રિય જોડાણ
નાણાકીય નિર્ણયોમાં ભાગ લઇ આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે

**સંસ્થાકીય ભાગીદારી**

સહકારી સંસ્થાઓ, એનજીઓ અને વિકાસ સંસ્થાઓમાં જોડાણ
સંસ્થાની યોજના, અમલ અને મૂલ્યાંકનમાં ભાગ
સંસ્થાકીય ક્ષમતાના વિકાસમાં યોગદાન

**નેતૃત્વ અને નિર્ણયક્ષમ ભાગીદારી**

મેનેજમેન્ટ, પ્રશાસન અને નીતિનિર્માણમાં ભાગ
ઉચ્ચ પદો પર કાર્ય કરીને દિશા અને માર્ગદર્શન આપે છે
સમાનતા આધારિત નિર્ણયપ્રક્રિયા વિકસાવે છે

**સામાજિક ભાગીદારી**

શિક્ષણ, આરોગ્ય અને સમાજ વિકાસ કાર્યક્રમોમાં યોગદાન
સમાનતા અને જાગૃતિ ફેલાવવામાં ભૂમિકા
સામાજિક પરિવર્તન માટે નેતૃત્વ

**રાજકીય ભાગીદારી**

સ્થાનિક સ્વરાજ્ય અને શાસનમાં જોડાણ
નીતિ બનાવવામાં અવાજ ઉઠાવવો
મહિલાઓને અનુકૂળ આર્થિક નીતિઓ માટે પ્રભાવ

**ડિજિટલ અને ટેક્નોલોજીકલ ભાગીદારી**

ડિજિટલ બેંકિંગ, ઈ-કોમર્સ અને ઓનલાઇન વ્યવસાય
ટેક્નોલોજી દ્વારા વૈશ્વિક બજારમાં પ્રવેશ
નવીનતા અને આધુનિક આર્થિક વિકાસમાં સહભાગ

**મહિલાઓની ભાગીદારીને પ્રોત્સાહન આપતા ઘટકો**

**શિક્ષણ અને કૌશલ્ય વિકાસ**

મહિલાઓમાં શિક્ષણનો દર વધવાથી જ્ઞાન, આત્મવિશ્વાસ અને નિર્ણયક્ષમતા વધે છે ટેકનિકલ અને વ્યાવસાયિક તાલીમ તેમને રોજગાર અને ઉદ્યોગમાં પ્રવેશ અપાવે છેડિજિટલ સાક્ષરતા આર્થિક વ્યવહારોમાં સહભાગી બનાવે છે

**આર્થિક સ્વતંત્રતા અને નાણાકીય પહોંચ**

બેંકિંગ સેવાઓ, લોન, માઇક્રોફાઇનાન્સ અને સ્વસહાય જૂથો મહિલાઓને મૂડી ઉપલબ્ધ કરાવે છે.બચત અને રોકાણની તકથી આર્થિક સ્થિરતા વધે છે ડિજિટલ પેમેન્ટ અને નાણાકીય સમાવેશ ભાગીદારી મજબૂત કરે છે

**સરકારી નીતિઓ અને યોજનાઓ**

મહિલા સશક્તિકરણ માટેની સહાય યોજનાઓ અને આરક્ષણ. ઉદ્યોગપ્રેરણા, તાલીમ અને સ્વરોજગાર માટે પ્રોત્સાહન.કાનૂની સુરક્ષા અને સમાન અવસરોની ખાતરી

**સામાજિક જાગૃતિ અને માનસિકતા પરિવર્તન**

લિંગ સમાનતા અંગે વધતી જાગૃતિ,મહિલાઓના કાર્યને સ્વીકારતી સમાજવ્યવસ્થા,પરિવારમાં સહયોગ અને પ્રોત્સાહન

**ટેક્નોલોજી અને ડિજિટલ સક્ષમતા**

ઓનલાઇન શિક્ષણ અને તાલીમના અવસર,ઇ-કોમર્સ દ્વારા વ્યવસાય વિસ્તરણ, માહિતી અને બજાર સુધી સરળ પહોંચ

**નેતૃત્વ અને પ્રતિનિધિત્વની તકો**

સંસ્થાઓમાં મહિલાઓને નિર્ણય પ્રક્રિયામાં સ્થાન,રાજકીય અને વહીવટી ક્ષેત્રે પ્રતિનિધિત્વ, નેતૃત્વ વિકાસ

કાર્યક્રમો

**નેટવર્કિંગ અને સહયોગી માળખું**

સ્વસહાય જૂથો અને સહકારી સંસ્થાઓ,મહિલા ઉદ્યોગસાહસિક મંચો,માર્ગદર્શન અને મેન્ટરશિપ તકો મહિલાઓની આર્થિક ભાગીદારી માત્ર વ્યક્તિગત વિકાસ માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે લાભદાયી છે.

**આર્થિક વૃદ્ધિમાં વધારો**: મહિલાઓ કામદારોની સંખ્યા વધારતી હોવાથી ઉત્પાદનક્ષમતા વધે છે.

**ગરીબી ઘટાડો**: મહિલાઓની આવકથી પરિવારની જીવનશૈલી સુધરે છે.

**સામાજિક સમાનતા**: આર્થિક સ્વતંત્રતા મહિલાઓને નિર્ણય લેવાની શક્તિ આપે છે.

**સંસ્થાકીય પારદર્શિતા**: મહિલાઓ સંચાલનમાં ભાગ લે ત્યારે જવાબદારી અને નૈતિકતા વધે છે.

સ્ત્રી-શક્તિકરણનું મહત્ત્વ ભારતીય સમાજમાં સમાજજીવનનાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજકોય, કાનૂની વગેરે ક્ષેત્રમાં સ્ત્રી-સશક્તિકરણનું આગવું મહત્ત્વ રહેલું છે.

**(1) વ્યક્તિગત મહત્ત્વ:**

મહિલા સશક્તિકરણ વિવિધ ક્ષેત્રો ઉપરાંત વ્યક્તિગત રીતે સ્ત્રીઓમાં જાગૃતિ આવે, પ્રશ્નો અને પડકારોનો સામનો કરી શકે, કુશળતા વિકસી શકે, નિર્ણયાત્મક સત્તા પ્રાપ્ત કરી શકે અને સ્ત્રીઓ પોતાનું મૂલ્ય સમજી,
સામાજિક વિકાસમાં યોગદાન આપી શકે; સ્વમાન, સમજણ અને સન્માન મેળવી શકે તથા અન્યાયોને ગંભીરતાપૂર્વક દૂર કરવા કાર્યાન્વિત બની શકે એવાં બહુવિધ પાસાંના સંદર્ભમાં સ્ત્રીસશક્તિકરણ આવશ્યક છે.

**(2) સામાજિક મહત્ત્વ:**

સ્ત્રીસશક્તિકરણ સમાજમાં સ્ત્રીઓ પ્રત્યેની હીન ભાવનાને અવગણે છે. સ્ત્રીઓને સન્માન આપવા તરફ પ્રયત્ન કરે છે. આ સંદર્ભમાં મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે,
"જો આપણે ભારત દેશનો વિકાસ કરવો હોય તો સૌથી પહેલાં ભારતીય નારીનો વિકાસ કરવો પડશે."
કારણ કે સ્ત્રી વડે કુટુંબ, કુટુંબ વડે સમાજ અને સમાજ વડે રાષ્ટ્ર બને છે. 'સ્ત્રી' સમાજનું પાયાનું એકમ છે."
સ્ત્રીસશક્તિકરણ સમાજમાં સ્ત્રીઓને થતા અન્યાય, શોષણ કે પજવણીમાંથી મુક્તિ આપી સ્વતંત્રતા તરફ લઇ જવા માટેની મહત્ત્વની પ્રક્રિયા છે.આ માટે આંદોલનો પણ થયાં છે.સ્ત્રી-સંગઠનો અને સામાજિક-
સુધારકોએ સામૂહિક ચેતના પણ જગાવી છે.સશક્તિકરણ સ્ત્રીઓને પોતાનાં સ્થાનમાં પરિવર્તન લાવવા અને પોતાનાં બાળકોનું યોગ્ય સામાજિકરણ કરવા સક્ષમ બનાવવામાં ઉપયોગી છે તેમજ તેતૃત્વશક્તિ અને આત્મવિશ્વાસ વધે તે માટે પણ તે આવશ્યક છે.

**(3) શૈક્ષણિક મહત્ત્વ:**

મહિલા સશક્તિકરણ શિક્ષણમાં આવશ્યક છે કારણ કે શિક્ષણથી સ્ત્રીઓ પોતાના મનપસંદ ક્ષેત્રમાં શિક્ષણ લઈ પોતાનાં ધ્યેય, સિદ્ધે અને સફળતા પ્રાપ્ત કરી, આત્મવિશ્વાસ કેળવી, સ્વાવલંબી બનવા સમર્થ બને છે.
શિક્ષણમાં સ્ત્રીઓને મળતી વિશેષ સવલતો સ્ત્રી-
સશક્તિકરણને ગતિશીલ બનાવે છે. સ્ત્રીઓનાં પરંપરાગત વલણોને બદલવા શૈક્ષણિક સશક્તિકરણ એવું માધ્યમ છે કે જે તેને સાચી દિશા તરફ લઈ જાય છે.સ્ત્રીઓમાં વ્યવસાયિક કુશળતા વધારવા સશક્તિકરણ આવશ્યક છે.

**(4) આર્થિક મહત્ત્વ:**

કોઈ પણ રાષ્ટ્રમાં વિકાસ માટે આર્થિક સશક્તિકરણ જરૂરી છે. સ્ત્રીઓને મિલકતમાં સમાન હક આપવો, તે માટે જાગૃત કરવી, અર્થોપાર્જન કરતી મહિલાઓની આવક પર તેનો અધિકાર રહે, આર્થિક રીતે સ્વાવલંબી બને એ માટે સશક્તિકરણ આવશ્યક છે.આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી ગુજરાતની SEWA
(સેલ્ફ એમ્પ્લોઈડ વિમેન એસોસિયેશન) જેવી અનેક સંસ્થાઓએ સ્ત્રીઓના આર્થિક સ્વાવલંબન માટે ગર્વનિષ્ઠ પ્રયત્નો કર્યા છે. જે સ્ત્રીઓ ખેતી-
ખેતી આનુષંગિક ગૃહઉદ્યોગ કે સ્વરોજગારમાં રોકાયેલ છે તેઓને પોતાના કાર્યનું યોગ્ય વળતર મળે અને તેના આર્થિક યોગદાનની ગણતરી થાય તે માટે સશક્તિકરણ આવશ્યક છે.આર્થિક સશક્તિકરણ વધશે તેમ વેતનમાં સમાનતા આવશે.જાતિગત ભેદભાવોની નાબૂદી થશે.મહિલાઓની બચત યોજનાઓ વધશે.
→ આમ, દીર્ઘકાલીન સમતુલિત આર્થિક વિકાસ માટે સશક્તિકરણ આવશ્યક છે.

**(5) રાજકીય મહત્ત્વ :**

સશક્તિકરણનો ખ્યાલ રાજકીય ક્ષેત્ર સાથે સંકળાયેલો છે. ભારતના બંધારણમાં આર્ટિકલ 14, 15 અને 16માં રાજ્યે સ્ત્રી-પુરુષ સમાનતાનો અધિકાર, સ્ત્રી-
પુરુષ લિંગભેદ સામે પ્રતિબંધ અને રોજગારીની તકોમાં સમાનતાનો અધિકાર આપ્યો છે. આમ છતાં, એનું વાસ્તવિક ચિત્ર જુદું જોવા મળતું.પરંતુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલા આરક્ષણની જોગવાઈને લીધે સ્ત્રીઓને રાજકીય સશક્તિકરણની તક આપવામાં આવી છે.મત આપવો, ઉમેદવારી નોંધાવવી, વિજેતા બનતા સત્તામાં ભાગીદાર બનવું વગેરે માટે સ્ત્રીસશક્તિકરણ આવશ્યક છે.ભારતમાં સ્ત્રીઓ વિશેના વિશેષ કાયદાઓ દ્વારા સ્ત્રીઓનું સશક્તિકરણ કરવાનો પ્રયત્ન થયો છે. સ્ત્રીઓમાં આરોગ્ય અતે સ્વાસ્થ્ય સંબંધિત સભાનતા કેળવાય તે માટે મહિલા સશક્તિકરણ આવશ્યક છે.
ભારતના બંધારણના આમુખ, મૂળભૂત અધિકારો, મૂળભૂત ફરજો અને માર્ગદર્શક સિદ્ધાંતમાં જાતિ સમાનતાનો ઉલ્લેખ કરેલો છે.દેશનું બંધારણ મહિલાઓને સમાનતા આપે છે એટલું જ નહિ; પરંતુ રાજ્યની મહિલાઓની તરફેણમાં વિધેયાત્મક પગલાં ભરવા

ની સત્તા આપે છે.સ્વતંત્રતા બાદ ભારતની વિકાસનીતિમાં પંચવર્ષીય યોજનામાં સ્ત્રી-સશક્તિકરણ માટેના વિવિધ કાર્યક્રમોને સમર્થન મળે છે.

પાંચમી પંચવર્ષીય યોજના સમયે (1974 1978) વિશ્વભરમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ (1975), મહિલા દશાબ્દી (1976 - 1985) એને સમર્થન આપે છે.1990માં ભારતની સંસદે કાયદાથી મહિલાઓ માટે રાષ્ટ્રીય કમિશનની રચનાકરી,1993માં મહિલાઓ સામેના તમામ પ્રકારની ભેદભાવની નાબૂદીનાં સંમેલનો થયાં અને ત્યારબાદ મહિલાઓની સમસ્યાઓના સંદર્ભમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ મહિલા સશક્તિકરણ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી.

ગુજરાત નારી ગૌરવનીતિ ઘડાઈ છે.આ નીતિમાં સ્ત્રીસશક્તિકરણ માટેનાં ઘણાં પાસાંઓનો સમાવેશ થાય છે. જેનું ધ્યેય મહિલાઓની સત્તા, ઉત્કર્ષ અને વિકાસનું છે.

**(1) શૈક્ષણિક કાર્યક્રમો:**

ગાંધીજીએ કહેલું કે "જો તમે એક છોકરાને શિક્ષણ આપો છો તો તમે એક વ્યક્તિને શિક્ષણ આપો છો; પરંતુ જો તમે એક છોકરીને શિક્ષણ આપો છો તો તમે આખા કુટુંબને શિક્ષણ આપો છો."સ્વતંત્ર ભારતમાં બંધારણ દ્વારા સ્ત્રી અને પુરુષ સમાનતાનાં મૂલ્યને સ્થાપિત કરવા સ્ત્રી શિક્ષણ પર ભાર મુકાયો.સ્ત્રીઓના સંદર્ભમાં સશક્તિકરણની રાષ્ટ્રીય નીતિમાં પણ સ્ત્રી શિક્ષણની આવશ્યકતાને સ્વીકારવામાં આવી. સ્ત્રીશિક્ષણને વેગ આપવા ભારત સરકાર તરફથી અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા.

**ગુજરાતના સંદર્ભમાં કેટલાક કાર્યક્રમો જોઈએ**.

**કન્યા કેળવણી રથયાત્રા** : જેમાં પ્રાથમિક શિક્ષણમાં કન્યાઓનો પ્રવેશદર વધારવા માટે તેમજ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા માટે શાળા પ્રવેશોત્સવ સમગ્ર રાજ્યમાં લોકભાગીદારીથી કરવામાં આવે છે.

**તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન** : ધોરણ-10 અને ધોરણ-12ની બોર્ડની પરીક્ષામાં મહેનત, ધગશથી બોર્ડમાં ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરી વિશેષ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ યોજીને અન્ય વિદ્યાર્થીઓને – ખાસ કરીને કન્યાઓનો શિક્ષણ પ્રત્યે રસ જાગ્રત કરવામાં આવે છે.

**સર્વ શિક્ષા અભિયાન** : સ્ત્રીશિક્ષણને વેગ આપવા માટે સર્વ શિક્ષા અભિયાન હેઠળ કન્યા કેળવણી અંગેના જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. પ્રચાર અને પ્રસાર માધ્યમોનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે.

**શાળા લોકાર્પણ :** ખાસ ડરીને કન્યાઓ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે અંતરિયાળ ગામોમાં શાળા સ્થાપીને કે શાળામાં સાધન-સગવડો વધારીને તેના લોકાર્પણ કાર્યક્રમ દ્વારા સ્ત્રી-શેક્ષણને વેગ આપવામાં આવે છે.

**સાઇકલ વિતરણ :** ઉચ્ચ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરવાની ઇચ્છા ધરાવતી કન્યાઓને ગામથી 3 1કેમીના અંતરે આવેલી શાળામાં જવા માટે સાઇકલ વિતરણ કાર્યક્રમ દ્વારા કન્યા કેળવણીમાં અવરોધરૂપ બનતી પરિસ્થિતિને દૂર કરવાના પ્રયત્નો થાય છે.

**અનાજનું વિતરણ:** આદિવાસી વિસ્તારની 1થી 7 ધોરણમાં ભણતી અને 70% હાજરી નોંધાવતી કન્યાઓને પ્રોત્સાહિત કરવા તેમજ વાલીઓના સ્ત્રીશેક્ષણ પ્રત્યેના હકારાત્મક વલણને વેગ આપવા વિના મૂલ્યે અનાજ વિતરણના કાર્યક્રમ યોજીને આદિવાસી વિસ્તારમાં શાળાનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવામાં આવે છે.

તદુપરાંત શિક્ષણનો અધિકાર, સહ્રધારા, ગુણોત્સવ વગેરે સંબંધી જાણકારી આપતા કાર્યક્રમો યોજીને તેમાં પણ કન્યા-કેળવણી પર ભાર મૂકવામાં આવે છે.

આમ, શિક્ષણ સંબંધિત કાર્યક્રમોમાં કન્યા-કળવણી પર ભાર મૂકીને સ્ત્રીસશક્તિકરણના પ્રયાસો કરવા માં આવે છે.

**(2) આર્થિક કાર્યક્રમો:**

સ્ત્રીસશક્તિકરણ માટે આર્થિક સ્વાતંત્ર્ય અનીવાર્ય છે. આર્થિક સ્વાવલંબન વ્યક્તિને સામર્થ્યવાન બનાવે છે.સ્ત્રીઓના આર્થિક સ્વાવલંબન માટે પણ રાષ્ટ્રીય નીતિમાં ભાર મૂકાયો છે.

રાષ્ટ્રીય નીતિમાં આર્થિક કાર્યક્રમો : રાષ્ટ્રીય નીતિ હેઠળ નીચે મુજબના કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓને જાગ્રત કરીને સામર્થ્યવાન બનાવવાના પ્રયત્નો થાય છેઃ

અસંગહિત ક્ષેત્રમાં કામ કરતી સ્ત્રીઓને રોજગારીની તકો વિશે માહિતી.
સમાન વેતન અંગે જાણકારી.
મહિલાઓને ધિરાણ બચત સંબંધિત જાણકારી.
આર્થિક કાર્યોની અસમાન વહેંચણીની તાબૂદી.
નિર્ધારિત સમયના કામના કલાકો વિશે જાણકારી.
કામનાં સ્થાને સલામતીભર્યા વાતાવરણ માટેની કાયદાકીય જોગવાઈ સંબંધિત જાણકારી.
સંગઠિત ક્ષેત્રોમાં અર્થોપાર્જન માટે જરૂરી લાયકાતની માહિતીની જાણકારી.
આ પ્રકારના કાર્યક્રમો સ્ત્રીઓ માટે યોજીને સ્ત્રીઓનું આર્થિક સશક્તિકરણ કરવામાં આવે છે.
ગુજરાતમાં પણ અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.

**તાલીમ વર્ગો** : ઘરઆંગણે શાકભાજી ઉગાડવા, કેનિંગ તેમજ કિચન ગાર્ડનિંગ અંગેના તાલીમ વર્ગો દ્વારા સ્ત્રીઓને ડેમોન્સ્ટ્રેશન દ્વારા તાલીમ આપીને પગભર બનાવવાના પ્રયત્નો થાય છે.
વ્યવસાયનાં ક્ષેત્રો : સ્ત્રીઓને સંગઠિત અને અસંગઠિત વિભાગના વ્યવસાયો અને રોજગારી [વિશે માહિતી આપતા કાર્યક્રમોમાં સામેલ કરીને કૌશલ્યવર્ધનને વેગ અપાય છે.
**પ્રદર્શન-વેચાણ** : રાષ્ટ્રીય-રાજ્યકક્ષાએ પ્રદર્શન વેચાણ કાર્યક્રમો દ્વારા સ્વરોજગાર, નાના કે કુટિર ઉદ્યોગ સાથે સંકળાયેલ સ્ત્રીઓનેપ્રોત્સાહિત કરવામાં આવે છે.'હુન્નરથી રોજગાર'નો હેતુ તેમાં કેન્દ્રસ્થાને હોય છે.
**કૃષિરથ મેળા** : કૃષિ સાથે સંકળાયેલ સ્ત્રીઓને સામેલ કરીને કૃષિ સંબંધિત વૈજ્ઞાનિક જાણકારી આપવામાં આવે છે. જેથી ઉત્પાદનની માત્રામાં વધારો કરીને ઓછા શ્રમે તે વધુ રોજગારી મેળવી શકે.
**સ્ત્રીજૂથ અને રોજગાર કાર્યક્રમ** : સ્ત્રીઓના આર્થિક સ્વાવલંબનને વેગ આપવા માટે સખી-મંડળોને, સ્ત્રી- જૂથોને સરકારની વિવિધ જાણકારી આપવા માટે અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં ખાસ કરીને બજાર વ્યવસ્થા, ધિરાણની યોજનાઓ, બચત યોજનાઓ વગેરે વિશે જાણકારી આપવામાં આવે છે.
આમ, આર્થિક ક્ષેત્રે અનેક કાર્યક્રમો યોજીને સ્ત્રીસશક્તિકરણ કરવાના પ્રયત્નો થાય છે.

**(3) આરોગ્યલક્ષી કાર્યક્રમો:**

ભારત સરકારની સ્ત્રી-સશક્તિકરણની રાષ્ટ્રીય નીતિમાં સ્ત્રીઓના આરોગ્ય પ્રત્યે ભાર મૂકવામાં આવ્યો છે.
ભારત સરકારના આરોગ્ય વિભાગ તેમજ મહિલા અને બાળકલ્યાણ વિભાગ સ્ત્રીના આરોગ્ય સંબંધિત કાર્યક્રમો યોજીને સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી આપવા નીચે મુજબના પ્રયત્નો કરે છે.
**સામાજિક બદીઓ અને સ્ત્રી સ્વાસ્થ્ય:** સમાજના કુરિવાજોથી સ્ત્રીના કથળતા આરોગ્ય અંગે જાણકારી આપતા કાર્યક્રમો યોજવામાં આવે છે. દા.ત., બાળલગ્નથી આરોગ્યને જોખમ, ગેરકાયદેસર જાતિ પરીક્ષણથી શરીરને થતું નુકસાન.
**શાતૃકલ્યાણ કાર્યક્રમો** : સ્ત્રીઓને ગર્ભાધાન, સ્તનપાન તેમજ બાળઉછેર સંબંધિત  વૈજ્ઞાનિક જાણકારી આપીને સ્ત્રીઓનાં આરોગ્યનું જતન કરવામાં આવે છે.
**કુટુંબ કલ્યાણ કાર્યક્રમો :** કુટુંબના મર્યાદિત કદ સહિત માતા અને બાળકનાં કલ્યાણ સંબંધિત કાર્યક્રમ વિશે જાણકારી આપતા કાર્યક્રમો યોજીને સ્ત્રીઓને કુટુંબ નિયોજનની પદ્ધતિઓની વૈજ્ઞાનિક ઢબે માહિતી અપાય છે. તદુપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ઉપયોગિતા તેમજ પરંપરાગત પ્રસૂતિ પદ્ધતિના ગેરલાભ વગેરેની સમજણ આપતા કાર્યક્રમો કરવામાં આવે છે.
**પોષણક્ષમ આહારને લગતા કાર્યક્રમો :** સ્ત્રીઓના કુપોષણની માત્રાને ઘટાડવા માટે પપધંપંબા પાંદ દ્વારા પોષણક્ષમ આહારની જાણકારી આપતા કાર્યક્રમો ઘડવામાં આવે છે. ખાસ કરીને રોગપ્રતિકારક શક્તિવર્ધક આહાર વિશે જાગૃતિ લાવવાના પ્રયત્નો થાય છે.
ગુજરાતમાં પણ ઉપર્યુક્ત કાર્યક્રમો ઉપરાંત સ્ત્રીના આરોગ્યલક્ષી કાર્યક્રમો થાય છે. જેમ કે બેટી બચાવો, બેટી **વધાવો અભિયાન** : સમાજના જાતિ પ્રમાણમાં ઊભી થયેલી અસમતુલાને દૂર કરવા, કન્યા જન્મને સ્વીકારીને સ્ત્રીઓનાં આરોગ્યને જાળવવા આ અભિયાન હેઠળ રેલી, નાટકો, શિબિરો, સેમિનાર, કોન્ફરન્સ, પરિસંવાદ, ચર્ચા જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે.
**જાગૃતિ કાર્યક્રમો** : સ્ત્રીસ્વાસ્થ્ય સંબંધિત સંકુચિત માનસમાં પરિવર્તન લાવવા જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવે છે. ખાસ કરીને ગ્રામીણ તથા આદિવાસી વિસ્તારોમાં સ્ત્રીઓનાં આરોગ્યને લગતા સંકુચિત લોકમાનસમાં બદલાવ લાવવા આરોગ્ય કેન્દ્રની સુવિધા વધારી, સ્વાસ્થ્ય અધિકારીઓ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવે છે.
આમ, આરોગ્ય સંબંધિત કાર્યક્રમો દ્વારા સ્ત્રીઓનું સ્વાસ્થ્ય ક્ષેત્રે સશક્તિકરણ કરવામાં આવે છે.
આમ, સ્ત્રીસશક્તિકરણ માટે શૈક્ષણિક, આર્થિક તેમજ આરોગ્યલક્ષી કાર્યક્રમો ઘડવામાં આવે છે અને તેના અમલીકરણ દ્વારા સ્ત્રીસશક્તિકરણ કરવાના પ્રયત્નો થાય છે. જેમાં સરકારી, બિનસરકારી તેમજ સ્વાયત્ત સંસ્થાઓ પણ ફાળો આપે છે.
**સ્વામી વિવેકાનંદ**ના મતે,
**“વિશ્વના કલ્યાણ માટે મહિલાઓની સ્થિતિ જ્યાં સુધી સુધરશે નહિ ત્યાં સુધી વિકાસની કોઈ તક મળી શકશે નહિ. કોઈ પણ પંખીને એક પાંખથી ઊડવું અશક્ય બની જતું હોય છે.”**
મહિલાઓને અધિકાર આપવાનો મુદ્દો સમગ્ર વિશ્વમાં ધ્યાન આકર્ષિત બન્યો છે.મહિલાઓના અધિકારોને સ્વતંત્ર, સમાન અને ન્યાયપૂર્ણ રીતે ભોગવવાની બાબત મહિલા સશક્તિકરણનું પ્રથમ સોપાન છે. ભારતમાં મહિલાઓ વિશેના ખ્યાલો બદલાતા ગયા અને એના વિકાસ વિશેના અભિગમો વિકસતા ગયા.વિકાસની પ્રક્રિયામાં મહિલાઓને જોડવામાં આવી. પરિણામે શૈક્ષણિક, આર્થિક, સામાજિક, રાજકીય અને આરોગ્યના ક્ષેત્રે મહિલાઓનું સશક્તિકરણ વધવા લાગ્યું.ભારતના બંધારણ, કાયદાઓ, મહિલાઓ વિશેની કલ્યાણ યોજનાઓ અને વિવિધ કાર્યક્રમોના લીધે મહિલા સશક્તિકરણને વેગ મળ્યો.ભારતમાં મહિલાઓના સશક્તિકરણ માટેની ચળવળ અને વિચારસરણી, આઝાદીની ચળવળ અને મહિલા મુક્તિના સંદર્ભમાં જોવા મળે છે.મહિલા સશક્તિકરણમાં 'શક્તિ' મહત્ત્વની છે. જેમાં બળ અને પ્રભાવ સમાયેલા છે.

સ્ત્રી-સશક્તિકરણનાં લક્ષણો: સ્ત્રી-સશક્તિકરણને સમજાવતા તેનાં લક્ષણો નીચે મુજબ દર્શાવે છે
• "સ્ત્રી-સશક્તિકરણ એક પ્રક્રિયા છે."
• આ પ્રક્રિયામાં સ્ત્રીઓને પોતાનું સ્થાન અને મોકળાશ મળે છે.
• આ પ્રક્રિયા સ્ત્રીઓ દ્વારા સામૂહિક રીતે સભાનપણે કરાયેલા પ્રયત્નોની શૃંખલા છે.
• તે સ્ત્રીઓને હકોની અનુભૂતિ કરાવે છે.
• સત્તાની નવી સંકલ્પના છે.
• સામાજિક પરિવર્તનની પ્રક્રિયા છે.
• સ્ત્રીઓની સભાનતા, અનુભવ, વિચાર, વર્તન વગેરે સાથે સંળાયેલ છે.
• તે સ્ત્રીઓ વિશેની પરંપરાગત માન્યતાઓને બદલે છે.
• તે પુરુષ વિરોધી નથી, પણ સ્ત્રીઓ સમાજમાં પોતાનું આત્મગૌરવ અને આત્મવિશ્વાસથી આગળ વધે એવું લક્ષ્ય ધરાવે છે.

**સ્ત્રીઓના બંધારણીય અધિકારો:**
બંધારણીય કાયદો એ કોઈ પણ દેશનો મૂળભૂત કાયદો કહેવાય.ભારતમાં સામાજિક પરિવર્તન લાવવા માટે, સ્ત્રીઓના દરજ્જામાં સુધાર કરવા કાયદાકીય જોગવાઈ કરીને સ્ત્રીને પુરૃષ સમાન દરજ્જો અને તકની સમાનતા આપવામાં આવી છે.બંધારણની કલમો દ્વારા સ્ત્રીઓને માટે વિશેષ જોગવાઇ કરવામાં આવી છે.સ્ત્રીઓને
બંધારણીય અધિકારો આપવામાં આવ્યા છે.ભારતમાં નારીમુક્તિની પ્રક્રિયાને વેગ મળ્યો. ભારતના બંધારણમાં લૈંગિક સમાનતાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો અને મહિલા અને પુરુષ બંનેને દરજ્જા અને તકની સમાનતાની ખાતરી આપવામાં આવી.સ્વતંત્ર ભારતમાં મહિલાઉત્કર્ષના ક્ષેત્રે વધુ અસરકારક પગલાંની ચોક્કસ બંધારણીય જોગવાઈઓ થઇ. કેટલાક મુખ્ય બંધારણીય અધિકારો નીચે પ્રમાણે છે :
**બંધારણની કલમ 15**
(3) અનુસાર રાજ્ય સરકારોને મહિલાઓ તથા બાળકો માટે ખાસ સગવડો ઊભી કરવાની સત્તા આપવામાં આવી છે. આ કલમ મહિલાઓની પ્રતિકૂળ સ્થિતિ અંગે સભાનતા કેળવી તેમને પુરુષોની હરોળમાં લાવવા જરૂરી પગલાં ભરવાનું રાજ્ય સરકારોને સૂચન કરે છે.
**બંધારણની કલમ 16**
(2) અનુસાર રોજગારીના ક્ષેત્રે ધર્મ, પ્રજા, જ્ઞાતિ, જાતિ (sex), વંશ અને જન્મસ્થળને આધારે ભેદભાવ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
**બંધારણની કલમ 39** (1) મહિલા અને પુરુષ બંનેને આજીવિકાપાર્જન માટેનાં પૂરતાં સાધનો પ્રાપ્ત કરવાનો સમાન હક આપે છે.
**બંધારણની કલમ 39 (ડી)** સમાન કામ માટે મહિલા અને પુરુષને સમાન વેતનનો હક આપે છે.
**બંધારણની કલમ 12**
માં કામની ન્યાયી અને માનવીય શરતો ઉપરાંત માતૃત્વના લાભની જોગવાઇ કરવામાં આવી છે. સામાજિક પાસાંઓને સ્પર્શતા કાયદાઓમાં લગ્ન, મિલકત, વારસો અને વાલીપણાને લગતા કાયદાઓ મુખ્ય છે.
**ઈ. સ. 1954ના 'ધ સ્પેશ્યલ મૅરેજ ઍક્ટ'** હેઠળ લગ્નમાં સાથીની પસંદગી અંગે કન્યાઓને સ્વતંત્રતા મળે છે.
**ઈ. સ. 1955ના 'હિન્દુ મૅરેજ ઍક્ટ'** અનુસાર બહુપત્ની લગ્ન પર પ્રતિબંધ મુકાયો છે. આ કાયદા હેઠળ કેટલીક શરતોને આધીન મહિલાને છૂટાછેડા લેવાનો અધિકાર મળે છે.
ઈ. સ. 1961થી અમલમાં આવેલો **'ધ ડાવરી પ્રોહિબીશન ઍક્ટ'** દહેજની પ્રથા પર પ્રતિબંધ મૂકે છે.
આર્થિક પાસાંઓને સ્પર્શતા કાયદાઓમાં મુખ્યત્વે વારસામાં હક, સમાન વેતન અને વળતરને લગતા કાયદાઓ છે.
મહિલાઓની સર્જનાત્મક કાર્યશક્તિનો ઉપયોગ કરવા ભારતના બંધારણમાં કરવામાં આવેલ 73મા સુધારાને આધારે પંચાયતી રાજની સંસ્થાઓમાં ગ્રામપંચાયતોથી નગરપાલિકાઓ અને રાજ્યસ્તર સુધી 33 ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

**વિશ્વ બેંકના ડેટા** અનુસાર, છેલ્લા દાયકામાં, **બ્રિક્સ દેશોમાં ભારતે મહિલા શ્રમબળ ભાગીદારીમાં સૌથી નોંધપાત્ર વધારો નોંધાવ્યો છે. 2015 અને 2024** ની વચ્ચે , ભારતમાં મહિલા શ્રમબળ ભાગીદારી દરમાં **23% થી વધુનો** વધારો થયો છે. તેનાથી વિપરીત, બ્રાઝિલ, ચીન અને રશિયામાં સ્થિરતા અથવા થોડો ઘટાડો થયો છે, જ્યારે દક્ષિણ આફ્રિકામાં માત્ર સામાન્ય વધારો થયો છે.
આ ઉપર તરફનો માર્ગ **મહિલાઓના આર્થિક સમાવેશમાં ભારતના ઝડપી પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે**, જે કૌશલ્ય, ધિરાણ અને ઔપચારિક રોજગારની પહોંચને વિસ્તૃત કરતી લક્ષિત નીતિગત પહેલ દ્વારા સંચાલિત છે.
દેશની દાયકા લાંબી ગતિ તેને **BRICSમાં સમાવિષ્ટ વિકાસના મોડેલ તરીકે સ્થાન આપે છે**, જે દર્શાવે છે કે સતત નીતિગત ધ્યાન મહિલા આર્થિક સશક્તીકરણને રાષ્ટ્રીય વિકાસના ચાલકમાં પરિવર્તિત કરી શકે છે.
**મહિલા કાર્યસ્થળ સશક્તીકરણ માટે કાનૂની માળખું**
ભારતમાં શ્રમ કાયદાઓ રોજગારનું નિયમન કરવા અને મહિલા કામદારોના રક્ષણ અને કલ્યાણને સુનિશ્ચિત કરવાના હેતુથી વિશાળ શ્રેણીની જોગવાઈઓને આવરી લે છે. મહિલા કર્મચારીઓ માટેના મુખ્ય કાનૂની સલામતી અને હકોનો સારાંશ નીચે આપેલ છે:

**માતૃત્વ લાભ અધિનિયમ, 1961 (સુધારેલ 2017)**
મહિલા કર્મચારીઓને માતૃત્વ લાભો પૂરા પાડતા મેટરનિટી બેનિફિટ એક્ટ, 1961માં 2017માં સુધારો કરવામાં આવ્યો હતો જે માતૃત્વ રજાને **12થી 26 અઠવાડિયા સુધી લંબાવશે** . માતૃત્વ રજા આપવા ઉપરાંત, આ **કાયદામાં 50 કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતા નોકરીદાતાઓને કાર્યસ્થળની અંદર એક ક્રેચ સ્થાપિત કરવી અને જાળવવી ફરજિયાત છે** . આ ક્રેચનો હેતુ બાળકોની જરૂરિયાતોને પૂર્ણ કરવાનો છે, જેથી કામ કરતી માતાઓ કામના કલાકો દરમિયાન તેમના બાળકોને સલામત જગ્યામાં છોડી શકે. હવે આ કાયદામાં **સરોગેટ માતાઓ માટે જોગવાઈઓ પણ સામેલ છે** , જેનો હેતુ કાર્યબળમાં મહિલાઓની ભાગીદારીને ટેકો આપવા અને પ્રોત્સાહન આપવાનો છે.

**બ્રિક્સ મહિલા વિકાસ અહેવાલ 2025** મુજબ , ભારત તેની ઉદાર પેઇડ મેટરનિટી રજા જોગવાઈઓ માટે અલગ છે, જે **182 દિવસ આપે છે** -
જે જૂથમાં બીજા ક્રમે છે, ફક્ત ઈરાનના 270 દિવસ પછી. આ સમયગાળા બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા અને ઇથોપિયા (120 દિવસ દરેક), ઇજિપ્ત અને ઇન્ડોનેશિયા (90 દિવસ દરેક), અને યુએઈ (60 દિવસ) જેવા અન્ય બ્રિક્સ રાષ્ટ્રો કરતાં વધુ છે. આ અહેવાલ મહિલાઓની જાળવણી અને ભાગીદારી વધારવા માટે કુટુંબ-
મૈત્રીપૂર્ણ કાર્યસ્થળોને પ્રોત્સાહન આપવામાં ભારતની સ્થિતિ પર ભાર મૂકે છે .

**કાર્યસ્થળ પર મહિલાઓનું જાતીય સતામણી અધિનિયમ, 2013**
કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ,
2013, **કાર્યસ્થળ પર જાતીય સતામણીના** કિસ્સાઓને સક્રિય રીતે અટકાવવા અને તેનો ઉકેલ લાવીને **સલામત અને સુરક્ષિત કાર્ય વાતાવરણને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે**, જે પરોક્ષ રીતે કાર્યબળમાં મહિલાઓની ભાગીદારી વધારે છે.
તેની મુખ્ય જોગવાઈઓમાંની એક સંસ્થાઓમાં **આંતરિક ફરિયાદ સમિતિઓ** (ICCs)ની ફરજિયાત રચના છે , જે જાતીય સતામણી સંબંધિત ફરિયાદોને સંબોધવા અને **ન્યાયી અને ગુપ્ત નિવારણ પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે.**
ICC માં **આંતરિક અને બાહ્ય બંને સભ્યોનો સમાવેશ થાય છે**, જેમાં પ્રમુખ અધિકારી, કર્મચારીઓમાંથી પ્રતિનિધિઓ અને મહિલા અધિકારો માટે પ્રતિબદ્ધ બિન-સરકારી સંસ્થા અથવા સંગઠનના સભ્યનો સમાવેશ થાય છે.
આ કાયદામાં ફરિયાદોના નિરાકરણ માટેની પ્રક્રિયાઓ અને સમયમર્યાદાની રૂપરેખા આપવામાં આવી છે, જે કાર્યસ્થળની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે જે મહિલા કર્મચારીઓના ગૌરવ અને સુખાકારીને પ્રાથમિકતા આપે છે.
POSH કાયદા મુજબ, જિલ્લા વહીવટીતંત્રને દરેક જિલ્લામાં સ્થાનિક ફરિયાદ સમિતિ (LCC)ની રચના કરવાની પણ જરૂર છે જેથી એવા કેસોમાં ધ્યાન કેન્દ્રિત કરી શકાય જ્યાં ફરિયાદો નોકરીદાતા સામે જ નોંધાઈ હોય અથવા 10 થી ઓછાં કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓમાં જ્યાં આંતરિક ફરિયાદ સમિતિ (ICC)ની રચના ન હોય.

**સમાન મહેનતાણું કાયદો, 1976**
**લિંગ-**
**આધારિત વેતન ભેદભાવને દૂર કરવા માટે રચાયેલ** એક મહત્વપૂર્ણ કાયદો છે અને **સમાન કામ માટે સમાન વેતનના** સિદ્ધાંત પર ભાર મૂકે છે , જે સુનિશ્ચિત કરે છે કે મહિલાઓને સમાન અથવા સમાન કામ માટે સમાન મહેનતાણું મળે. આ કાયદો પુરુષ અને સ્ત્રી બંને કામદારો માટે ન્યાયિતા, બિન-
ભેદભાવ અને સમાન તકોને પ્રોત્સાહન આપે છે, જે વધુ સમાન કાર્ય વાતાવરણને પ્રોત્સાહન આપે છે.
**બ્રિક્સ મહિલા વિકાસ અહેવાલ 2025** અનુસાર , ભારત જાતિગત વેતન સમાનતા (2024 ડેટા) માં વૈશ્વિક સ્તરે 120મા ક્રમે છે, જે બ્રાઝિલ (118મા), ઈરાન (114મા) અને દક્ષિણ આફ્રિકા (113મા) જેવા સમકક્ષોની નજીક છે, જ્યારે ચીન (14મા) અને યુએઈ (10મા) થી પાછળ છે. નોંધ કરો કે રેન્કિંગ જેટલું ઊંચું હશે, પુરુષો અને સ્ત્રીઓ માટે સમાન વેતનની સ્થિતિ એટલી જ સારી હશે. આ સ્થિતિ વેતન તફાવતને દૂર કરવામાં ભારતની પ્રગતિને રેખાંકિત કરે છે.

**સામાજિક સુરક્ષા કોડ, 2020**
અસંગઠિત અને પ્લેટફોર્મ ક્ષેત્રો સહિત તમામ શ્રેણીના કામદારોને માતૃત્વ, આરોગ્ય અને સામાજિક સુરક્ષા લાભો આપીને મહિલાઓ માટે સુરક્ષાને મજબૂત બનાવે છે .
આ સંહિતા કર્મચારી રાજ્ય વીમા યોજના હેઠળ રોજગારના તમામ ક્ષેત્રોમાં સમાવેશ પર પણ ભાર મૂકે છે , ખાસ કરીને તેના લાભો **વાવેતર કામદારો સુધી પહોંચાડે છે**. આ જોગવાઈ ખાસ કરીને ચા અને કોફીના વાવેતરમાં રોકાયેલી મહિલાઓ માટે ફાયદાકારક છે, તેમને આવશ્યક સહાય પૂરી પાડે છે અને તેમની સુખાકારી સુનિશ્ચિત કરે છે.

**વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ કોડ, 2020**
**મહિલાઓ સહિત કામદારોની વ્યાવસાયિક સલામતી, આરોગ્ય અને કલ્યાણને સંબોધવા** માટે ચોક્કસ જોગવાઈઓનો સમાવેશ થાય છે. તે મહિલાઓની અનન્ય સ્વાસ્થ્ય જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરીને સુરક્ષિત અને સ્વસ્થ કાર્યકારી વાતાવરણ પર ભાર મૂકે છે અને તમામ કામદારો માટે મફત વાર્ષિક આરોગ્ય તપાસ ફરજિયાત કરે છે . **આ** સંહિતા **મહિલાઓને** તેમની સંમતિથી રાત્રિ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી આપે છે, જો નોકરીદાતાઓ તેમની સલામતી સુનિશ્ચિત કરે. તે નોકરીદાતાઓને રાત્રે કામ કરતી મહિલાઓ માટે પરિવહનની સુવિધા આપવાની પણ જરૂર છે, જે કાર્યસ્થળોમાં મહિલા કર્મચારીઓ માટે સુરક્ષાને મજબૂત બનાવે છે.

કાયદામાં એ પણ ફરજિયાત કરવામાં આવ્યું છે કે નોકરીદાતાઓ **જોખમી વ્યવસાયોમાં મહિલાઓ માટે પૂરતા સલામતીના પગલાં સુનિશ્ચિત કરે** અને સરકાર દ્વારા નિર્ધારિત પચાસથી વધુ કામદારો ધરાવતી સંસ્થાઓમાં છ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે **ક્રેચ સુવિધાઓ પૂરી પાડે.**

**સરકારી ક્ષેત્રમાં કાર્યસ્થળની સમાવેશકતા**

સરકારે કાર્યસ્થળમાં સમાવિષ્ટતા, કાર્યસ્થળ **સુખાકારી અને સરકારી સેવામાં મહિલા કર્મચારીઓની સર્વાંગી સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે વિવિધ મહિલા-કેન્દ્રિત પહેલો હાથ ધરી છે.** આ પગલાંઓમાં અન્ય બાબતોની સાથે સામેલ છે:

· **કૌશલ્ય અને રોજગાર દ્વારા મહિલાઓને સશક્તીકરણ**

મહિલાઓની કાર્યબળમાં ભાગીદારી વધારવા, તેમને બજાર-સંબંધિત કુશળતા, ઉદ્યોગસાહસિક તકો અને આર્થિક સ્વતંત્રતાના માર્ગોથી સજ્જ કરવા માટે સરકાર દ્વારા વિવિધ મંત્રાલયોમાં રોજગાર અને કૌશલ્ય વિકાસ પહેલ શરૂ કરવામાં આવી છે.

કામ કરતી મહિલાઓ માટે ઇકોસિસ્ટમને સક્ષમ બનાવવી

**શી -બોક્સ (MWCD)**

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે **SHe - Box પોર્ટલ શરૂ કર્યું છે**, જે એક **ઓનલાઈન સિસ્ટમ છે**' જે કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, 2013' (SH અધિનિયમ)ની વિવિધ જોગવાઈઓના વધુ સારા અમલીકરણમાં મદદ કરવા માટે રચાયેલ છે. આ અધિનિયમ સંબંધિત સરકારને તેના અમલીકરણ પર દેખરેખ રાખવા અને દાખલ થયેલા અને નિકાલ કરાયેલા કેસોની સંખ્યાનો ડેટા જાળવવાનો આદેશ આપે છે.

SHe - Box પોર્ટલ વિવિધ કાર્યસ્થળો પર રચાયેલી આંતરિક સમિતિઓ (ICs) અને સ્થાનિક સમિતિઓ (LCs) સંબંધિત માહિતીનો જાહેરમાં ઉપલબ્ધ કેન્દ્રિય ભંડાર પૂરો પાડે છે, પછી ભલે તે સરકારી હોય કે ખાનગી, અને **એક એન્ડ-ટુ-એન્ડ સંકલિત ફરિયાદ દેખરેખ પ્રણાલી પણ** છે. તે દરેક કાર્યસ્થળ માટે એક નોડલ અધિકારી નિયુક્ત કરવાની જોગવાઈ કરે છે જે ફરિયાદોના વાસ્તવિક સમયના નિરીક્ષણ માટે નિયમિતપણે ડેટા/માહિતી અપડેટ કરવાની ખાતરી કરે છે.

**મિશન શક્તિ**

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે **01 એપ્રિલ, 2024 ના રોજ 'મિશન શક્તિ' અમલમાં મૂક્યું હતું જેનો ઉદ્દેશ્ય મહિલા સુરક્ષા, સુરક્ષા અને સશક્તીકરણ માટે હસ્તક્ષેપોને મજબૂત બનાવવાનો છે** . આ મિશનનો ઉદ્દેશ્ય તમામ મહિલાઓ અને છોકરીઓ સહિત દિવ્યાંગ, સામાજિક અને આર્થિક રીતે હાંસિયામાં ધકેલાઇ ગયેલા અને સંવેદનશીલ જૂથોને, જેમને સંભાળ અને સુરક્ષાની જરૂર છે, **તેમના સર્વાંગી વિકાસ અને સશક્તીકરણ માટે ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની સેવાઓ અને માહિતી પૂરી પાડવાનો છે.**

મિશન શક્તિના બે વર્ટિકલ ' **સંબલ** ' અને ' **સામર્થ્ય ' છે** .

**સાંબલ (સલામતી અને સુરક્ષા)**

**વન સ્ટોપ સેન્ટર્સ (OSC)** : હિંસાનો સામનો કરતી મહિલાઓને એક જ છત નીચે તબીબી સહાય, કાનૂની સહાય, મનોવૈજ્ઞાનિક પરામર્શ અને આશ્રય સેવાઓ દ્વારા સંકલિત સહાય પૂરી પાડે છે.

**મહિલા હેલ્પલાઇન (181-ડબ્લ્યુએચએલ)** : 24/7 ટોલ-ફ્રી સેવા જે મહિલાઓને કટોકટી પ્રતિભાવ પ્રણાલીઓ (પોલીસ, ફાયર, એમ્બ્યુલન્સ) અને વન સ્ટોપ સેન્ટરો સાથે જોડે છે .

**બેટી બચાવો બેટી પઢાઓ (BBBP)** : બાળકીઓના અસ્તિત્વ, રક્ષણ, શિક્ષણ અને સશક્તિકરણને સુનિશ્ચિત કરવાનો ઉદ્દેશ્ય.

**નારી અદાલત** : ગ્રામ પંચાયત સ્તરે પજવણી, અધિકારોનો ઇનકાર અને નાના વિવાદો જેવા મુદ્દાઓને સંબોધવા માટે સમુદાય-સ્તરીય ફરિયાદ નિવારણ પ્લેટફોર્મ પ્રદાન કરે છે.

**સામર્થ્ય (સશક્તીકરણ અને પુનર્વસન)**

**શક્તિ સદન :** તસ્કરી કરાયેલી મહિલાઓ સહિત, મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે એક સંકલિત રાહત અને પુનર્વસન ગૃહ.

**પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY):** ગર્ભાવસ્થા અને બાળજન્મને કારણે વેતનના નુકસાન માટે નાણાંકીય વળતર પૂરું પાડે છે, જે હવે છોકરી હોય તો બીજા બાળક સુધી પણ લાગુ પડે છે, જે લિંગ સમાનતાને પ્રોત્સાહન આપે છે.

**સખી નિવાસ:** કાર્યકારી અને મહત્વાકાંક્ષી મહિલાઓ માટે સલામત, સસ્તું રહેઠાણ અને ડે-કેર સુવિધાઓ સુનિશ્ચિત કરે છે.

**પાલના :** આંગણવાડી દ્વારા ગુણવત્તાયુક્ત ઘોડિયાઘર સુવિધાઓની પહોંચનો વિસ્તાર કરે છે કેન્દ્રો , છ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સુરક્ષિત, ઉછેર વાતાવરણમાં બાળ સંભાળ પૂરી પાડે છે.

**સંકલ્પ: મહિલા સશક્તીકરણ કેન્દ્ર (HEW):** સરકારી યોજનાઓ વિશે માહિતીના અંતરને દૂર કરે છે, મહિલાઓને લાભ મેળવવામાં મદદ કરે છે અને મિશન શક્તિ પહેલ માટે પ્રોજેક્ટ મોનિટરિંગ યુનિટ તરીકે કાર્ય કરે છે.

## નિષ્કર્ષ

છેલ્લા દાયકામાં, ભારત મહિલા કાર્યબળ ભાગીદારીમાં અભૂતપૂર્વ પરિવર્તન જોઈ રહ્યું છે. સીમાચિહ્નરૂપ સુધારાઓ, કૌશલ્ય વિકાસનો વિસ્તાર, માતૃત્વ અને બાળ સંભાળ લાભોમાં વધારો અને મિશન શક્તિ જેવી પહેલો સાથે, સરકારે સમાવિષ્ટ અને સહાયક કાર્યસ્થળો માટે એક મજબૂત પાયો બનાવ્યો છે.
શ્રમબળમાં મહિલાઓના જોડાવામાં સતત વધારો, મહિલાઓ દ્વારા સંચાલિત ઉદ્યોગોમાં વધારોઅને લિંગ સંવેદનશીલ  નીતિઓનું મુખ્ય પ્રવાહ એક નવા યુગનો સંકેત આપે છે જ્યાં *નારી શક્તિ* રાષ્ટ્રના વિકાસને શક્તિ આપી રહી છે. ગ્રામીણ ઉદ્યોગસાહસિકોથી લઈને કોર્પોરેટ નેતાઓ સુધી, મહિલાઓ ભારતના આર્થિક અને સામાજિક પરિદૃશ્યને વધુને વધુ આકાર આપી રહી છે.
*વિકસિત ભારત@2047*ના વિઝન તરફ આગળ વધી રહ્યું છે , તેમ તેમ કાર્યસ્થળે મહિલાઓનું સશક્તીકરણ ફક્ત પ્રાથમિકતા નથી  તે રાષ્ટ્રીય પ્રગતિનું એક નિર્ણાયક બળ છે. સલામત, સમાન અને તકોથી ભરપૂર કાર્યસ્થળો સુનિશ્ચિત કરીને, દેશ તેની અડધી વસ્તીની ક્ષમતાઓને ખુલ્લી મૂકી રહ્યો છે, મજબૂત, વધુ સમાવિષ્ટ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ભારત માટે માર્ગ મોકળો કરી રહ્યો છે.

## Bibliography (APA 7th Edition)

**Constitutional & Legislative Sources**
Constitution of India. (1950). Government of India.
Special Marriage Act. (1954). Government of India.
Hindu Marriage Act. (1955). Government of India.
Dowry Prohibition Act. (1961). Government of India.
Maternity Benefit Act. (1961). Government of India.
Equal Remuneration Act. (1976). Government of India.
Sexual Harassment of Women at Workplace Act. (2013). Government of India.
Code on Social Security. (2020). Government of India.
Occupational Safety Health and Working Conditions Code. (2020). Government of India.

**Government Reports & Institutional Publications**
World Bank. (Various years). *World development indicators*. World Bank Publications.
BRICS. (2025). *BRICS women development report 2025*. BRICS Secretariat.
Ministry of Women and Child Development. (2024). *Mission Shakti guidelines*. Government of India.
National Commission for Women. (Various years). *Annual reports*. Government of India.
Self Employed Women's Association. (Various years). *Annual reports and publications*. SEWA.

**Books & Academic Sources**
Parikh, S. (Year). *Stri sashaktikaran ane samaj parivartan*. Publisher.
Pameya, R. (Year). *Mahila sashaktikaran: Ek samajik abhyas*. Publisher.
Singh, Y. (Year). *Bharatiya samajshastra ane samajik parivartan*. Publisher.
Hust, E. (Year). *Empowerment and social movements in Latin America*. Publisher.

**Copyright & License:**

© Authors retain the copyright of this article. This work is published under the Creative Commons Attribution 4.0 International License (CC BY 4.0), permitting unrestricted use, distribution, and reproduction in any medium, provided the original work is properly cited.